ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ-વિતરણ/પોલીસી/ ૨૨

જી.આઈ.ડી.સી., વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

તારીખ: ૨૯/૧૦/૨૦૨૪.

// પરિપત્ર //

**વિષય :- નિગમના કર્મચારી/અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નવી સંકલિત નીતિ બાબત.**

સંદર્ભ :-

(૧) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પીઓએલ/૬૫/૨૦૦૪/૨૩, તા.૨૮/૯/૨૦૦૪

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પીઓએલ/૬૫/૨૦૦૪/૨૪, તા.30/૯/૨૦૦૪,

(3) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પોલીસી/૬૫/૨૦૦૪/૧૮, તા.૨૨/૬/૨૦૦૭,

(૪) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૫/૦૮, તા.૧૮/૦૨/૨૦૧૦.

(૫) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૦૪, તા.૦૧/૦૨/૨૦૧૪.

(૬) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૦૯, તા.૧૧/૦૬/૨૦૧૪.

(૭) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૧૭, તા.૯/૧૨/૨૦૧૪.

(૮) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૯૭, તા.૧૦/૭/૨૦૧૭.

(૯) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૧, તા.૦૧/૦૧/૨૦૧૯.

(૧૦) નિગમની ૫૧૯ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક: ૯૭/હાઉસિંગ/૫૧૯ તા.૨૧.૧૨.૨૩

(૧૧) નિગમના નિયામક મંડળની તા.૨૭.૦૯.૨૦૨૪ ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક:૫૯/પ્રિ-વિતરણ/૫૨૦ તા.૨૭.૦૯.૨૦૨૪.

નિગમના નિયામક મંડળની ૫૧૯ મી સભામાં થયેલ ઠરાવ મુજબ નિગમના અધિકારી / કર્મચારીઓને નિગમની વસાહતોમાં રહેણાંક પ્લોટ ફાળવવા બાબતે અને હંસપુરાના પડતર પ્રકરણ બાબતે એક સૂચિત નીતિ બનાવવા એક સમિતિનું ગઠન કરવામાં આવેલ. જે અંતર્ગત નિગમના કર્મચારી / અધિકારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી બાબતેની નવી સૂચિત નીતિ માટે તા.૨૪.૦૯.૨૦૨૪ ના રોજ હાઉસિંગ સમિતિની બેઠક યોજાયેલ.

સદર બાબત નિગમના નિયામક મંડળ સમક્ષ વિગતો સાથે નવી સંકલિત નીતિ અમલમાં લાવવા નિગમની તા.૨૭.૦૯.૨૦૨૪ ના રોજ યોજાયેલ નિયામક મંડળની ૫૨૦ મી સભામાં કાર્યસૂચિ ક્રમાંક:૫૧/પ્રિ-વિતરણ/૫૨૦ થી રજૂ કરવામાં આવેલ. જે અન્વયે ઠરાવ ક્રમાંક:૫૯/પ્રિ-વિતરણ/૫૨૦ થી ઠરાવ પસાર કરવામાં આવેલ.

આમ, સદર ઠરાવ અન્વયે નીચે મુજબની શરતોને આધીન નિગમના કર્મચારી/અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નવી સંકલિત નીતિનો અમલ કરવાનો રહેશે.

❖ <u>પાત્રતા</u> :-

૧. જે કર્મચારી/અધિકારીશ્રીઓએ નિગમની સેવામાં કુલ પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તેઓ રહેણાંક પ્લોટ મેળવવાપાત્ર ગણાશે.

૨. માંગણીદાર કર્મચારી/અધિકારી અરજીની તારીખે તેમજ જમીનનો કબજો મળે તે તારીખે માંગણીવાળા સ્થળથી ૦૮ કિલો મીટરના વિસ્તારની ત્રિજ્યામાં અરજદારના નામે અથવા તેમના પતિ/પત્નીના નામે કે આશ્રિતના નામે રહેણાંક પ્લોટ/મકાન/ફ્લેટ ધરાવતાં હોવા જોઈએ નહી, તેમજ તે બાબતનું બાંહેધરીખત ઓનલાઈન અરજીમાં રજૂ કરવાનું રહેશે.

૩. નિગમના કાયમી અધિકારી/કર્મચારી ઓનલાઇન અરજી કરી શકશે તથા જેઓ ઓનલાઇન અરજી કર્યા બાદ વય નિવૃત્તિ / સ્વૈચ્છીક નિવૃત્ત / રાજીનામું / અવસાન (જેઓના વારસદારો દ્વારા વારસાઈ અંગેના નિયત પુરાવા સાથે વિગતો રજૂ કર્યેથી) થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં ક્ષેત્રિય કચેરી દ્વારા અલગથી ઓનલાઈન મોડયુલમાં દરખાસ્ત રજૂ કર્યેથી સમિતિ દ્વારા નિર્ણય લેવામાં આવશે.

૪. નિગમના અધિકારી/કર્મચારી તા.૧૬.૧૨.૨૦૧૩ પછી પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય અને નિગમના નીતિ નિયમ મુજબ ઓફલાઇન અરજી કરેલ હોય અને ઓનલાઈન અરજી ખુલ્લી હતી તે પહેલા વય નિવૃત્તિ / સ્વૈચ્છીક નિવૃત્ત / રાજીનામું / અવસાન થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં તથા ઓનલાઈન પોર્ટલ બંધ થયા બાદ પાંચ વર્ષ પૂર્ણ થયા હોય અને નિવૃત્તિ / સ્વૈચ્છીક નિવૃત્ત / રાજીનામું / અવસાન થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં તથા અન્ય કોઈ કિસ્સાઓમાં ગુણદોષના આધારે ક્ષેત્રિય કચેરી દ્વારા અલગથી દરખાસ્ત કર્યેથી સમિતિ દ્વારા નિર્ણય લેવામાં આવશે.

૫. નિગમના હાલમાં ફરજ બજાવતા/નિવૃત કર્મચારી/અધિકારીઓની રહેણાંક પ્લોટ મેળવવા માટેની અરજીઓ પડતરમાં હોય કે નવી અરજી કરવામાં આવેલ હોય અને ખાતાકીય તપાસના કારણે રહેણાંક પ્લોટની ફાળવણીથી વંચિત રહી ગયેલ હોય તેવા કર્મચારી/ અધિકારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવાની રહેશે.

૬. અરજી કર્યા બાદ ફરજ મોકુફી ઉપર હોય તો તેવા કિસ્સામાં ફરજ મોકુફી એ શિક્ષા નથી, ફરજ મોકુફી ઉપરના કર્મચારી/અધિકારી નિગમના કર્મચારી/અધિકારી તરીકે ચાલુ હોઈ અને ફરજ બજાવતા કર્મચારી/અધિકારી જો રહેણાંક પ્લોટ મેળવવાની નીતિની અન્ય તમામ શરતો પરિપુર્ણ કરતા હોય તો તેઓ રહેણાંક પ્લોટ મેળવવા પાત્ર ગણાશે.

૭. નિગમના અધિકારી/કર્મચારી દ્વારા ભૂતકાળમાં ફાળવણી થયેલ રહેણાંક પ્લોટ મંજૂરી મેળવી પરત કરેલ હોય, તેવા કિસ્સામાં ક્ષેત્રિય કચેરી દ્વારા અલગથી ઓનલાઈન મોડયુલમાં દરખાસ્ત કરવાની રહેશે અથવા અરજદારશ્રી દ્વારા નવી પધ્ધતિ મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૮. નિગમના કર્મચારી/અધિકારીશ્રીઓ ધ્વારા રહેણાંક પ્લોટની અરજી સાથે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ સ્વૈચ્છિક પરત લેવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓમાં રહેણાંક પ્લોટ ફાળવણી કરવાની રહેશે નહી.

૯. નિગમના કુલ-૧૬૩ કર્મચારી/અધિકારીશ્રીઓને હંસપુરા વસાહત ખાતે વર્ષ ૨૦૦૯ માં ફાળવવામાં આવેલ રહેણાંક પ્લોટ બાબતે નિયામક મંડળની ૫૦૦ મી સભામાં થયેલ નિર્ણય મુજબ સદર કર્મચારી/અધિકારીશ્રીઓને વિકલ્પ સ્વરૂપે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત ખાતે પ્લોટ બદલી આપવાપાત્ર ગણાશે. સદર કર્મચારી/અધિકારીઓને ફાળવણી થયેલ પ્લોટના ક્ષેત્રફળ (૧૦ % વધ-ઘટ સાથે) જેટલા જ ક્ષેત્રફળનો પ્લોટ જમીનની ઉપલબ્ધતાને આધીન ફાળવણી કરવાની રહેશે. સદર કર્મચારી/અધિકારીઓ દ્વારા અન્ય કોઈ સ્થળે બદલી આપવા રજૂઆત કરવામાં આવે તો ૫ મહાનગર પાલિકાના શહેરી વિસ્તાર સિવાયના સ્થળે (અમદાવાદ-ગાંધીનગર, સુરત, રાજકોટ અને વડોદરા શહેરી વિસ્તાર સિવાય) પ્લોટ ઉપલબ્ધ હોય તો ગુણદોષના આધારે બદલી આપવાપાત્ર ગણાશે.

❖ **મળવાપાત્ર પ્લોટનું ક્ષેત્રફળ તેમજ જમીનની કિંમત** :-

- સરકારીશ્રીની નીતિમાં શહેરી વિસ્તારની જમીન ફાળવવાની પણ જોગવાઇ છે જ્યારે જીઆઈડીસી ખાતે નિગમ દ્વારા આયોજીત વસાહતોમાં જ પ્લોટની ફાળવણી કરવાની થાય છે. નિગમની તમામ વસાહતોમાં નિગમના અધિકારી/કર્મચારીશ્રીઓને રહેણાંકના હેતુ માટે પ્લોટ ફાળવવા બાબતે વિવિધ અધિકારી / કર્મચારીઓની માંગણી તથા રજુઆત સંદર્ભે નીચે મુજબના ક્ષેત્રફળ તથા વસુલવાપાત્ર કિંમતને ધ્યાને લેવાની થાય છે. તે સમયે જમીનની કિંમત નકકી કરવા માટે સંબંધિત વસાહતના

રહેણાંકના પ્રવર્તમાન ફાળવણીદરના ૫૦ % રકમને આધાર દર ગણવાનો રહેશે તેમજ અરજીની તારીખનો મુળ પગાર પાંચમા પગાર પંચ મુજબ ધ્યાને લઈને અધિકારી / કર્મચારીને નીચે દર્શાવ્યા મુજબના ક્ષેત્રફળનો પ્લોટ, દર્શાવ્યા મુજબની રાહત કિંમતથી મળવાપાત્ર થશે.

| ક્રમ | મૂળ પગાર | મળવાપાત્ર પ્લોટનું ક્ષેત્રફળ (પ્રતિ ચો.મી.) | જમીનની કિંમત |
|---|---|---|---|
| ૧ | રૂ.૯૮૯૯ સુધી | ૯૦ અથવા ૧૨૫ માગણી મુજબ | પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૫૦%. વધારાની ૩૫ ચો.મી. માટે ફાળવણી કિંમતની દોઢી કિંમતે |
| ૨ | રૂ.૯૯૦૦ થી ૧૩૧૯૯ | ૧૩૫ અથવા ૨૦૦ માગણી મુજબ | પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૭૫% અને વધારાની ૬૫ ચો.મી. માટે ફાળવણી કિંમતની દોઢી કિંમતે |
| ૩ | રૂ.૧૩૨૦૦ થી ૧૪૮૯૯ | ૨૦૦ અથવા ૨૫૦ માગણી મુજબ | પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૧૦૦% ૨૦૦ ચો.મી. સુધી પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૧૦૦% અને વધારાની ૫૦ ચો.મી. માટે ફાળવણી કિંમતની દોઢી કિંમતે |
| ૪ | રૂ. ૧૪૯૦૦ કે તેથી વધુ પગાર મેળવતા | ૨૦૦ અથવા ૩૦૦ અથવા ૩૩૦ માગણી મુજબ | ૨૦૦ ચો.મી. સુધી ૧૦૦% ફાળવણી કિંમતે અને વધારાનીજમીન ફાળવણી કિંમતની દોઢી કિંમતે. |

૧. **<u>સ્ક્રીનિંગ કમિટીના સભ્યોની યાદી:-</u>**

I. માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી અથવા તેમના દ્વારા નિમવામાં આવેલ નિગમના અધિકારીશ્રી.
II. જનરલ મેનેજર / મેનેજર (પ્રિ-વિતરણ)
III. જનરલ મેનેજર / મેનેજર (મહેકમ)
IV. મુખ્ય ઈજનેર
V. સિનિયર એટીપી / એટીપી શાખાના વડા
VI. વિભાગીય પ્રબંધકશ્રી (મેમ્બર સેક્રેટરીશ્રી)
VII. પ્રાદેશિક મેનેજરશ્રી (એસોસિએટ મેમ્બર સેક્રેટરીશ્રી)

૨. ૫ મહાનગર પાલિકાના શહેરી વિસ્તારમાં જમીનની બજાર કિંમત ઘણી ઉંચી છે. તથા ત્યા જમીનની માંગ પણ ઘણી વધારે છે. જેથી ૫ મહાનગર પાલિકાના શહેરી વિસ્તાર

સિવાયના સ્થળે ફાળવણી કરી શકાય.(અમદાવાદ-ગાંધીનગર, સુરત, રાજકોટ અને વડોદરા શહેરી વિસ્તાર સિવાય)

૩. નિગમ દ્વારા હાલમાં તમામ પ્રકારની મિલકતો માટે ઓનલાઈન અરજીઓ જ સ્વીકારવામાં આવતી હોવાથી આ પહેલાની કર્મચારી / અધિકારીઓ તરફથી રહેણાંક પ્લોટ માટે મળેલ તમામ ઓનલાઈન અને ઓફલાઇન અરજીઓ બંધ કરવી તથા નવેસરથી પોર્ટલ ખોલી આ માટે ઓનલાઈન અરજીઓ સ્વીકારવાની રહેશે.

૪. ઓનલાઇન પોર્ટલ કાયમી ખૂલ્લુ રાખવાનું રહેશે. જેથી કરીને નિગમના કર્મચારી/અધિકારીઓના નોકરીના પાંચ વર્ષ પૂર્ણ થયેથી રહેણાંક પ્લોટની અરજી કરી શકે.

૫. કર્મચારી/અધિકારીઓ તેઓની નોકરીના સમગ્ર સમયગાળા દરમ્યાન એક જ વખત આ યોજના હેઠળ રહેણાંક પ્લોટ/જમીન મેળવી શકશે.

૬. ઓનલાઇન અરજી બાદ પ્લોટ સિલેકશન માટે ચીઠ્ઠી ઉપાડી કે ઓનલાઇન ડ્રોથી પ્લોટ સિલેકશન કરાવવાનું રહેશે. ડ્રો થયા બાદ જો પ્લોટ ઉપલબ્ધ ન રહેતો હોય તો અરજદારની બીજી પસંદગી મુજબ બીજા રાઉન્ડમાં તેમનું નામ ડ્રો લિસ્ટમાં સમાવિષ્ટ કરવામાં આવશે અને આ પ્રક્રિયા ક્રમશઃ ચાલતી રહેશે.

૭. ઓનલાઇન અરજીઓનો દર ત્રિમાસિક ડ્રો કરી નિર્ણય લેવાનો રહેશે. (ઉદાહરણઃ- કેલેન્ડર વર્ષ–જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચમાં મળેલ અરજીઓનો એપ્રિલમાં ડ્રો કરવાનો રહશે.)

૮. નિગમના કર્મચારી/અધિકારીશ્રીને ફાળવેલ રહેણાંક પ્લોટોના વિકલ્પે અન્ય સ્થળે પ્લોટની ફાળવણી, અદલા-બદલી કરી આપવા બાબતની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર રહેશે નહી.

૯. નિગમના કર્મચારી/અધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ પ્લોટનો ઉપયોગ માત્ર રહેણાંકના હેતુસર કરવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે તો નિગમના નીતી નિયમો મુજબ કાર્યવાહી કરીને પ્લોટ પરત મેળવવામાં આવશે.

૧૦. ફાળવવામાં આવેલા રહેણાંક પ્લોટ ઉપર નિગમના નીતિ નિયમો અનુસાર બાંધકામના નકશા મંજૂર કરાવી ૦૫ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. જો તેમ નહી કરવામાં આવે તો નિગમના નીતી નિયમો મુજબ કાર્યવાહી કરીને પ્લોટ પરત મેળવવામાં આવશે.

૧૧. નિગમના કર્મચારી/આધિકારીઓને રાહત વ્યાજદરે હપ્તા પાડી રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવશે.

૧૨. રહેણાંક પ્લોટ બાબતે થયેલ કોર્ટ કેસના કારણે ફાળવણી થયેલ ન હોય તેવા કિસ્સાઓનો નિર્ણય કોર્ટકેસના ચુકાદાને આધિન લેવાનો રહેશે.

૧૩. ફાળવણી થયેલ રહેણાંક પ્લોટની ફાળવણીના ૫(પાંચ) વર્ષ સુધી ખુલ્લા પ્લોટ તરીકે અનઔપચારિક તબદીલી કરી શકશે નહી. જયારે અધિકારીશ્રી/કર્મચારીશ્રીને નિવૃત્તિના છેલ્લા વર્ષમાં ફાળવણી થયેલ હોય અથવા અધિકારીશ્રી/કર્મચારીશ્રીને નિવૃત્તિ બાદ ફાળવણી થયેલ હોય તેમજ મૂળ ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં વારસાઈ કે અન્ય ઔપચારિક તબદીલીના કિસ્સામાં આ નિયમ લાગુ પડશે નહી. પ્લોટની તબદીલી વખતે વસૂલવાના થતાં પ્રીમિયમ તફાવતની રકમ ગણત્રી માટે જે કિસ્સામાં આધાર દરમાં રાહત આપવામાં આવેલ હોય તે જ કિસ્સામાં પ્રીમિયમ વસૂલવાનું રહેશે. જયારે તબદીલી ફી અને વણવપરાશી દંડની રકમ નિગમના નીતિ-નિયમ મુજબ વસૂલવાની રહેશે. પ્લોટની તબદીલીની મંજૂરી વખતે જમીનની પ્રવર્તમાન કિંમતમાંથી ભરેલી મૂળ રકમ તથા ભરેલી મૂળ રકમ ઉપર પ્રતિ વર્ષ ૧૦% સાદું વ્યાજ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમના ૧૦૦% / ૫૦% / ૨૫% પ્રીમિયમ નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ ગણત્રી કરવાની રહેશે.

| ક્રમ | પ્લોટના વપરાશનો સમયગાળો | ભરવાનું પ્રીમિયમ તફાવતની રકમના |
|---|---|---|
| (૧) | ખુલ્લો પ્લોટ | ૧૦૦% |
| (૨) | નિગમના નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી તેવા પ્લોટ | ૧૦૦% |
| (૩) | ૫(પાંચ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૧૦૦% |
| (૪) | ૫(પાંચ) વર્ષ કરતાં વધુ પરંતુ ૧૫(પંદર) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૫૦% |
| (૫) | ૧૫(પંદર) વર્ષ કરતાં વધુ પરંતુ ૨૫(પચ્ચીસ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૨૫% |
| (૬) | ૨૫(પચ્ચીસ) વર્ષ કે તેથી વધુ સમયનો વપરાશ | ૦% |

ઉદાહરણરૂપે પ્રીમિયમ તફાવતની રકમની ગણતરી:

✓ રહેણાંક પ્લોટની ફાળવણી તા.૦૧/૦૧/૨૦૧૭ ના રોજ આધરદરના ૫૦% રાહતે કરવામાં આવેલ હોય જે પેટે જમીનની કુલ કિંમત રૂ.૧૦૦૦/- પુરે પુરી રકમ

તા.૦૧/૦૬/૨૦૧૭ ના રોજ ભરપાઈ કરેલ હોય તથા કબજો સોંપેલ હોય તેમજ તા.૦૧/૦૧/૨૦૧૮ ના રોજ વપરાશ શરૂ થયેલ હોય.

- ✓ તબદીલી અરજી તા.૦૧/૦૧/૨૦૨૪ સમયે પ્રવર્તમાન ફાળવણીદર પ્રમાણે જમીનની કુલ કિંમત રૂ.3000/- થતી હોય.
- ✓ પ્રતિ વર્ષ ૧૦% લેખે સાદું વ્યાજ તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૦૧/૦૧/૨૦૨૪ સુધી ગણતરી કરતાં, ભરપાઈ કરેલ રકમ રૂ.૧૦૦૦/- ના પ્રતિ વર્ષ ૧૦% તરીકે રૂ.૧૦૦/- થાય તો કુલ ૭ વર્ષના રૂ.૭૦૦/- થાય.
- ✓ જે અનુસાર અગાઉ ભરપાઈ થયેલ રકમ રૂ.૧૦૦૦/- + સાદું વ્યાજ રૂ.૭૦૦/- એમ કુલ મળીને રૂ.૧૭૦૦/- ની રકમ જમીનની પ્રવર્તમાન કિંમત રૂ.3000/- માંથી બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમ રૂ.૧300/- ના ૫૦% પ્રમાણે (પ્લોટના વપરાશ આધારિત ૬ વર્ષના સમયગાળા મુજબ) રૂ.૬૫૦/- પ્રીમિયમ તફાવતની રકમની ગણતરી કરવાની રહેશે.

સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે સઘળી સત્તા ઉપા. અને વ.સં.શ્રીને હસ્તક રહેશે. નિગમના તમામ વિતરણ અધિકારીઓએ સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-

(ડૉ. રાહુલ ગુપ્તા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી.,ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ.......તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(3) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું,

મેનેજર(મહેકમ)
જી.આઈ.ડી.સી.,ગાંધીનગર